# અરુણોદય

સપ્ટેમ્બર- ૨૦૨૫
અંક – ૬૮

GSECL GMDC FUELING THE GROWTH

**સંપાદકીય બોર્ડ**
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

## અનુક્રમણિકા

- हमारी संस्कृति, हमारी शान : भारतीयता का गौरव और संरक्षण
- રાષ્ટ્રીય ખેલ દિવસ મેજર ધ્યાનચંદ
- સમજણ રૂપી સોટી
- "एक दिशा – एक विचार: परिवार और कार्यस्थल एक टीम के रूप में"
- નિશાન તાકયું
- આટલી જાતના હોય છે માનવીઓ....?
- સખત પરિશ્રમના તાદશ ઉદાહરણ
- સક્ષમ શાળા
- શાળાની પ્રવૃત્તિઓ



ડિઝાઈન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ સપ્ટેમ્બર-૨૦૨૫, અંક-૬૮ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્રારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી

# हमारी संस्कृति, हमारी शान : भारतीयता का गौरव और संरक्षण



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

सुबह का सुहावना समय था। हल्की धूप धरती पर बिखर रही थी और पक्षियों की चहचहाहट वातावरण को और भी मधुर बना रही थी। एक बालक रोज़ की तरह अपनी सैर पर निकला। रास्ते में उसकी मुलाक़ात अपने अध्यापक से हुई। वह मुस्कुराते हुए बोला –

“Good Morning, Sir!”

अध्यापक ने भी प्रसन्न होकर उत्तर दिया –

“Good Morning, Beta!”

थोड़ी ही दूरी पर उसे अपने दूसरे गुरु मिले। बालक ने फिर कहा –

“Good Morning, Sir!”

और प्रत्युत्तर में वही शब्द लौटकर आए।

आगे बढ़ते हुए उसका सामना अपने चाचा से हुआ। आदतन उसने उन्हें भी कहा –

“Good Morning, Uncle!”

चाचा भी हँसते हुए बोले –

“Good Morning!”

वापसी के समय बालक के मन में एक प्रश्न गहराने लगा

“हम हर किसी को ‘Good Morning’ क्यों कह रहे हैं? हमारी अपनी भाषा, हमारे अपने अभिवादन जैसे ‘नमस्ते’, ‘सुप्रभात’ या ‘राम-राम’ कहाँ खो गए? क्या हम अपनी संस्कृति को धीरे-धीरे भूलते जा रहे हैं?”

यह विचार उसकी नन्हीं चेतना में एक गहरी छाप छोड़ गया।

हमारी संस्कृति – हमारी पहचान

हमारी संस्कृति – हमारी पहचान

भारत हजारों वर्षों से विविधताओं से भरा हुआ देश है। यहाँ की भाषाएँ, परंपराएँ और रीतियाँ केवल आदतें नहीं बल्कि हमारी आत्मा का स्वरूप हैं। हमारी संस्कृति ने आक्रमणों और विदेशी प्रभावों को झेला, फिर भी अपनी जड़ों को कभी नहीं छोड़ा।

दुनिया से सीख

आज भी चीन के लोग मन्दारिन भाषा को प्राथमिकता देते हैं। जापान तकनीकी चमत्कारों का देश है, पर वहाँ लोग गर्व से अपनी भाषा और त्योहारों को निभाते हैं। फ्रांस में फ्रेंच भाषा की रक्षा के लिए कड़े नियम हैं। इन देशों ने हमें सिखाया कि विकास और संस्कृति साथ-साथ चल सकते हैं।

स्वतंत्रता संग्राम और संस्कृति की रक्षा

हमारे महान स्वतंत्रता सेनानी जैसे महात्मा गांधी, भगत सिंह, नेताजी सुभाष चंद्र बोस, रानी लक्ष्मीबाई और अनेक वीरों ने हमें न केवल आज़ादी दिलाई, बल्कि भारतीय संस्कृति को पुनर्जीवित किया। गांधीजी ने 'स्वदेशी' आंदोलन के माध्यम से हमें अपनी जड़ों की ओर लौटने का संदेश दिया। नेताजी ने 'जय हिंद' का नारा दिया, जिसने हर भारतीय के हृदय में देशभक्ति की ज्वाला जलाई।

दैनिक जीवन में संस्कृति का संरक्षण कैसे करें?

1. अपनी भाषा अपनाएँ: "Good Morning" की जगह "नमस्ते" या "सुप्रभात" कहें।
2. त्योहारों की महत्ता समझें: दीपावली, होली, गणेश उत्सव को केवल मनाएँ ही नहीं, उनकी सांस्कृतिक जड़ों को भी जानें।
3. भारतीय कला का सम्मान करें: लोक नृत्य, संगीत और हस्तशिल्प को प्रोत्साहित करें।
4. भारतीय भोजन को अपनाएँ: स्थानीय और पारंपरिक आहार को प्राथमिकता दें।
5. योग और आयुर्वेद को अपनाएँ: ये केवल स्वास्थ्य नहीं, हमारी संस्कृति का वरदान हैं।
6. विद्यालयों में संस्कृति शिक्षा: बच्चों को इतिहास और परंपराओं से जोड़ें।

निष्कर्ष

संस्कृति हमारी आत्मा है। यदि हम इसे बचाते हैं तो वास्तव में अपनी पहचान को बचाते हैं। जैसे हमारे स्वतंत्रता सेनानियों ने बलिदान देकर हमें स्वतंत्रता दिलाई, वैसे ही हमें भी अपनी संस्कृति को संरक्षित और सशक्त बनाना होगा।

आइए, हम सब मिलकर गर्व से कहें

हम भारतीय हैं और हमें अपनी संस्कृति पर गर्व है।

जय हिंद
जय भारत



# રાષ્ટ્રીય ખેલ દિવસ
# મેજર ધ્યાનચંદ



પી.ટી.પટેરીયા
માધ્યમિક શિક્ષક

મેજર ધ્યાનચંદ નો જન્મ 29 ઓગસ્ટ 1905 ના રોજ અલ્હાબાદ (હાલ પ્રયાગરાજ)માં થયો હતો તેઓ એક મહાન ભારતીય હોકી ખેલાડી હતા અને તેમને હોકીના જાદુગર તરીકે ઓળખવામાં આવે છે તેમણે 1928,1932,અને 1936ના ઓલિમ્પિક રમતો માં ભારતને સતત ત્રણ સુવર્ણ ચંદ્રક અપાવ્યા હતા તેઓ પોતાના અસાધારણ બોલ કંટ્રોલ અને ગોલ સ્કોરિંગ માટે જાણીતા હતા તેઓ ભારતીય સેના માંથી મેજરના પદથી નિવૃત થયા હતા અને તેમની રમતને ધ્યાને રાખીને ભારતમાં 29 ઓગસ્ટ ના દિવસે "રાષ્ટ્રીય રમત દિવસ" તરીકે ઉજવવામાં આવે છે રમત જગતમાં તેમના યોગદાન અને વારસાને સન્માન આપવા "રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર" નું નામ બદલીને " મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર" રાખવામાં આવ્યું છે .

ધ્યાનચંદ 16 વર્ષની ઉંમરે બ્રિટિશ ભારતીય સેના માં એક સામાન્ય સિપાહી તરીકે ભરતી થયા હતા.તેમના સાથીઓએ તેમને " ચંદ "નામ આપ્યું હતું કારણકે તેઓ રાત્રે ડ્યુટી સમાપ્ત થયા પછી ચાંદનીના અજવાળામાં હોકીનો અભ્યાસ કરતા હતાં તેથી તેમને ધ્યાનચંદ કહેવામાં આવવા લાગ્યું .તેમણે પોતાની કેરિયરમાં 400 થી વધુ ગોલ કર્યા છે તેમને 1956 માં પદ્મભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા .તેમની આત્મ કથાનું નામ "ગોલ" હતું જે 1952 માં પ્રકાશિત થઈ હતી.



# સમજણ રૂપી સોટી



પ્રજ્ઞેશ એચ. જાની
ગઢશીશા

શિક્ષક દિવસ નિમિત્તે સૌ શિક્ષક (ગુરુજનો) નાં ચરણોમાં નમન હાલ “ ટોક ઓફ ધ ગુજરાત ” કહી શકાય અને સમાજ તથા દરેક માતા પિતા ને અંદરથી હલાવી નાખે તેવી ઘટના ઓ ઘટીત થઈ એટલે કે ભુજ કચ્છ ના કોલેજમાં અભ્યાસ કરતા યુવક દ્વારા એ જ કોલેજની યુવતીની ચપ્પુ મારીને થયેલ હત્યા હોય કે બાલાસિનોર ની શાળામાં ધોરણ 10 માં અભ્યાસ કરતા તે જ શાળાના ધોરણ 8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી દ્વારા ચપ્પુ

મારીને કરવામાં આવેલ હત્યાનો પ્રયાસ હોય. જે સમાજ, દરેક માતા-પિતા સાથે સાથે શાળાના શિક્ષકો માટે લાલબત્તી સમાન છે.

ગુજરાતીમાં કહેવત છે "સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ" અહીં વિદ્યાર્થીઓને માનસિક અને શારીરિક અસર થાય તેના પક્ષમાં નથી પરંતુ શાબ્દિક અર્થ ઘણો જ ગહન , ઘણો ઊંડો છે. અહીં ચારિત્રવાન શિક્ષકો પોતાની પરિપક્વતા દૂર દ્રષ્ટિ અને પોતાના જીવન અનુભવના આધારે વિદ્યાર્થીઓ દ્વારા થનારી અવ્યવહારિક અને સમાજમાં થનારી શરમ જનક ઘટનાઓને પોતાની "સોટી" તરીકે એટલે કે માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન નહીં પરંતુ સાચી દિશામાં જીવન જીવવા માટેના વ્યવહારિક જ્ઞાન દ્વારા શિસ્તબધ્ધ અને ચારિત્રવાન વ્યક્તિત્વનું નિર્માણ કરવામાં સફળ રહેતા.

જ્યારથી શાળાઓને કાયદાની કલમ [RTE -17, section-17 (RTE) ACT-2009] હેઠળ આવરી લેવામાં આવેલ. છે એટલે કે કોઈપણ બાળકને શારીરિક સજા કે માનસિક ત્રાસ આપવામાં આવશે નહીં. ત્યારથી સાચા શિક્ષકના હાથમાંથી હવે સોટી છીનવાઈ ગઈ અને વિદ્યાર્થીઓ આ કાયદાના પીઠબળથી સ્વછંદી બનતા ગયા સાથે સાથે માતા પિતાના વધારે પડતા લાડ અને આપવામાં આવતા સમયના અભાવ સાથે ઉછરેલા બાળક ઘણીવાર સાચી દિશા પકડવાનું ચૂકી જાય છે અને આવી ન ઇચ્છનારી ગોઝારી ઘટનાઓ પરિણામ સ્વરૂપ સમાજ સામે નિર્માણ પામે છે.

આચાર્ય ચાણક્ય કહ્યું છે કે : "शिक्षक कभी साधारण नहि होता प्रलय और सृजन दोनो उसीकी गोदी में खेलते है |" અર્થાત શિક્ષક માં પૂરી ક્ષમતા અને શક્તિ છે કે તે કોઈપણ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ અને વિનાશ કરી શકે છે કારણ દેશનો મૂળભૂત પાયો, ભવિષ્ય એટલે કે વિદ્યાર્થી તેમના હાથમાં છે.

ચારિત્રવાન વિદ્યાર્થી, ચારિત્રવાન સમાજ અને ચારિત્રવાન રાષ્ટ્રના નિર્માણ દ્વારા જ આવી "ટોક ઓફ ધ ટાઉન" ઘટનાઓને નિયંત્રિત કરી શકાશે તે માટે દરેક માતા પિતાએ જે લોભ અને અહંકાર રહિત છે, નિષ્ઠાવાન છે, સાચું જ્ઞાન, સત્યનો માર્ગ, સાચા-ખોટા વચ્ચેનું અંતર દેખાડનાર અને માત્ર વિદ્યાર્થીઓનું હિત વિચારનારા ચારિત્ર્યવાન શિક્ષક (સાચા અર્થમાં ગુરુ) ની સમજણ રુપી "સોટી" પર વિશ્વાસ રાખવો રહ્યો.



# “एक दिशा – एक विचार: परिवार और कार्यस्थल एक टीम के रूप में”



इरफान लोखंडवाला
ताड़केश्वर

जीएमडीसी परिवार के मेरे साथियों,

जीवन की असली शक्ति एकता में है। जब परिवार एक विचार से चलता है और कार्यस्थल एक दिशा में बढ़ता है, तो कोई भी लक्ष्य असंभव नहीं रहता। परिवार हमें मूल्य, संस्कार और सहयोग सिखाता है, वहीं कार्यस्थल हमें अनुशासन, परिश्रम और टीम भावना सिखाता है।

यदि परिवार और कार्यस्थल दोनों को हम एक टीम मान लें – तो यह टीम कभी हार नहीं सकती।

* परिवार हमें प्रेरणा देता है और कार्यस्थल हमें अवसर देता है।
* परिवार हमें सहारा देता है और कार्यस्थल हमें पहचान देता है।
* जब दोनों की सोच एक दिशा – एक विचार से जुड़ती है, तब सफलता की ऊँचाइयाँ हमारे कदम चूमती हैं।

हम सबने देखा है कि अकेले व्यक्ति की शक्ति सीमित होती है, लेकिन जब परिवार और कार्यस्थल दोनों साथ खड़े होते हैं, तो कठिन से कठिन परिस्थितियाँ भी आसान हो जाती हैं। यह एक रथ के दो पहियों की तरह है – यदि दोनों बराबरी से चलें, तो यात्रा सफल होती है।

घर और Office के बीच की, इस दूरी को मिटा दो, दोनोंको एक टीम बना, अपनी ज़िंदगी बना दो।

जब घर पर मिले हौसला, Office पर मिले सम्मान, तोखुद-ब-खुद मिलेगी, जीवन में सफलता की शान।

एक ही लक्ष्य है दोनों का, तुम्हारी खुशी और तरक्की, इस एक विचार कोअपना लो, हो जाओ सबसे लक्की!

तनाव की दीवारें गिरा, एक नया नजरिया ला, परिवार और Office को,एक ही सपना दिखा।

क्योंकि जब दिशा एक हो, और विचार भी एक हो, तो सफलता तुम्हारे कदमों में, अपना सिर जरूर रखेगी।

अंत में मैं यही कहना चाहूँगा:

एक दिशा – एक विचार अपनाइए,

परिवार और कार्यस्थल को टीम बनाइए,

मिलकर चलेंगे तो हर मंज़िल पाएँगे,

एकता की ताक़त से नया इतिहास रच जाएँगे।

धन्यवाद ?





## “નિશાન તાક્યું”

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

‘ ઉઠો  જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો’ નું  સોનેરી સૂત્ર આપનાર, યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદને સૌ જાણે છે. જેમની દરેક વાતમાં ખુમારી અને નમ્રતાના દર્શન થયા વગર રહેતાં નથી.

તેમના જીવનનો એક સુંદર પ્રસંગ જાણવા જેવો છે. અમેરિકામાં સ્વામી વિવેકાનંદ એક દિવસ એક નદીને તટે ચાલતા જતા હતાં. ત્યાં એક ઠેકાણે કેટલાક યુવાનો નિશાન તાકવાની રમત રમતા હતા. આ યુવાનો એક પુલ આગળ ઊભા રહીને પાણીના પ્રવાહ સાથે ઘસડાતાં ઈંડાના કોચલા પર નિશાન તાકતા હતાં. એ યુવાનોએ ખૂબ પ્રયત્ન કર્યા, પરંતુ કોઈપણ યુવાન નિશાન બરાબર તાકી શક્યો નહિ.

કિનારે ઊભા ઊભા સ્વામીજી આ રમત જોયા કરતાં હતા. યુવાનોને નિશાન તાકવામાં નિષ્ફળ નિવડતા જોઈને તેમને સહેજ હસવું આવ્યું.

સ્વામી જેવાને આમ હસતા જોઈ ને એક યુવાનને જરા ચીડ ચડી . તે યુવાન સ્વામીને પડકાર ફેકતાં બોલ્યો :  “તમને તો ઊભા ઊભા હસવું આવે છે પરંતુ આ રીતે નિશાન તાક્વું  એ કઈ બચ્ચાના ખેલ નથી. લો આ બંદૂક અને નિશાન બરોબર તાકી  આપો તો ખરાં !”

સ્વામી વિવેકાનંદ તરત જ તૈયાર થઈ ગયા. એમણે  હાથમાં બંદૂક લીધી અને નિશાન તાકીને એક પછી એક એમ આશરે ડઝન જેટલાં કોચલા  ધડાધડ વીંધી નાખ્યાં .

યુવાનોને બહુ નવાઈ લાગી. તેઓએ સ્વામીજીને પૂછ્યું : “ તમે નિશાનબાજી ઘણાં વખત પહેલાં શીખ્યા હશો અને પ્રેકટીસ પણ સારી એવી કરતાં હશો.”

વિવેકાનંદ સ્મિત ફરકાવતાં બોલ્યા : “ ના, ભાઈ મે મારી જિંદગીમાં આ પહેલાં કોઈવાર બંદૂક પકડી નથી.”

આ સાંભળીને યુવાનોને વધારે આશ્ચર્ય થયું . તેઓએ કહ્યું : તો પછી તમે આવી રીતે અચૂક નિશાન શી રીતે તાકી શક્યા ?

સ્વામી વિવેકાનંદ  એનું  રહસ્ય સમજાવતા કહ્યું : “ દરેક કાર્ય ચિતની એકાગ્રતાથી સફળ અને પૂર્ણ થાય છે.”

આવા  દ્રઢ નિશ્ચયી  એવા વિવેકાનંદને શત શત  નમન .



# આટલી જાતના હોય છે માનવીઓ....?




**પિયુષભાઈ આહીર**
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)


અકોણા , અનોખાં , અવળચંડા, અકલમઠા, અદેખા, આકર્મી, આપડાયા, ઓસિયાળા, ઉતાવળા, આધાપાસિયા, એકલપંડા, ઓટીવાળ, કજીયાખોર, કદરૂપા, કરમહીણા, કવાજી, કસબી, કપટી, કપાતર, કકળાટીયા, કામી, કાળમુખા, કાવતરાખોર, કાણગારા, કાંડાબળિયા, કમજાત, કાબા, કબાડા, અધકચરા, અજડ, આળસું, અટકચાળિયા, ખટપટિયા, ખુંધા,ખાવધરા, ખટહવાદિયા, ખૂટલ, ખેલાડી, ખેલદિલ, ખોચરા, ખુવાર, ગરજુડા, ગપસપિયા, ગપ્પીદાસ, ગણતરીબાજ, ગળેપડું, ગંદા, ગંજેરી, ગાંડા, ગોલા, ગોબરા, ગમાર, ગુણગ્રહી, ગભરુ, ગુલાટમાર, ગાલાવેલિયા, જ્ઞાની, ઘરરખા, ઘરમુલા, ઘમંડી,ઘરઘૂસલા, ઘરફાળુ, ઘેલહાગરા, ઘોંઘાટિયા, ઘૂસણખોર, ચતુર, ચહકેલ, ચબરાક, ચોવટિયા, ચાપલા, ચાગલા, ચીકણા, છકેલ છોકરમતિયા, છેલબટાવ, છીંછરા, જબરા, જોરાવર, જબરવસીલા, જોશીલા, જીણા, ઠરેલ, ઠાવકા, ઠંડા, ડંફાસિયા, ડાકુ, ડરપોક, ડંખીલા, ડફોળ, તમોગુણી, તરંગી, તુકાબાજ, દયાળુ, દરિયાદિલ,દાતાર, દાણચોર, દુ:ખીયા, દોરંગા, દોઢડાયા, દિલદગડા, ધંધાદારી, ધમાલીયા, ધોકાપંથી, ધાડપાડું, ધુતારા, ધર્મનિષ્ઠ, ધૂળધોયા, ધિરજવાન, નવરા, નગુણા, નખોદીયા, નમાલા, નિડર, નિશ્વાર્થી, નિજાનંદી, નિષ્ઠુર, નિર્ણય, નિર્મોહી, પરોપકારી, પરિશ્રમી, પરાધીન, પહોંચેલા, પંચાતિયા, પાણિયારા, પાંગળા, પુરષાર્થી, પોચા, પોપલા, પ્રેમાળ, પાગલ, ફરતિયાળ, ફોસી, ફતનદિવાળીયા, ફાકાળ, ફાલતુ, ફુલણસિંહ, ફાટેલ, બહાદુર, બગભગત, બટકબોલા, બચરવાળ, બહુરંગા, બેદરકાર, બિચારા, બોતડા, બાયલા, બિકણા, બોલકણા, બળવાખોર, બુદ્દિધશાળી, ભડવીર, ભૂલકણા, ભલા, ભદ્રિક, ભારાડી, ભાંગફોડિયા, ભૂંડા, ભોળા, ભમરાળા, મરણિયા, મસ્તીખોર,મફતીયા, મનમોજી, મતલબી, મિંઢા, મિઠાબોલા, મિંજરા, મારફાડિયા, માયાળું, માખણીયા, મારકણા, મુરખા, મરદ, રમુજી, રમતીયાળ, રસિક, રાજકારણી, રજવાડી, રિસાડવા, રોનકી, રોતલી, રૂડા, રેઢલ, રેઢીયાર, સુધરેલા, સમજદાર, શંકાશિલ, શાણા, સંતોષી, સગવડીયા, સાહસિક, સુમ, સુખીયા, સ્વચ્છ, સંસ્કારી, સાધક, સાચાબોલા, સરળ, સ્વાર્થી, હરામખોર, હડકાયા, હલકટ, હરખઘેલા, હેતાવળા, હરખપદુડા, હાજરજવાબી, હોશિયાર, હસમુખા, લૂચા, લફંગા, લોભીયા, લાલચૂ, લાગવગિયા, લબાડ, લાખેશ્રી, લંપટ, લૂણહરામી, વેવલા, વિવેકી, વાયડા, વંઠેલ, વાતડાયા, વૈરાગી, વાતુડિયા, વેપારી, વિકરાળ ...



# સખત પરિશ્રમના તાદશ ઉદાહરણ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

"સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય" એ ઉક્તિને સાર્થક કરતાં તેજસ્વી વિધાર્થીઓની એક આછેરી ઝલક, ધોરણ – 12 માં વર્ષ 2020 , 12 કોમર્સ પ્રથમ ક્રમાંક સાથે પાસ કરેલ વિધાર્થીની જ્યોતિ આર. ચૌધરી સાથે થયેલ વાતચીતના અંશો..



ધોરણ – 10 માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર જ્યોતિ એ ધોરણ -11 માં કોમર્સમાં જ પોતાનું લક્ષ્ય જાણે નક્કી કરી લીધું હતું . તેના સહાધ્યાયીઓ ધોરણ -10 ના પરિણામ આવ્યા બાદ કહેતાં , જ્યોતિ તારે તો Science માં કેરિયર બનાવવી જોઈએ . પણ પોતે કોમર્સ રાખીને best performance આપવા ઈચ્છતી હતી. બસ પછી તો મહેનતનો અવિરત દોર તેણે ચાલુ રાખ્યો.

પોતાના આભ્યાસકાળ દરમ્યાન બિનજરૂરી વાદ – વિવાદમાં ન ઊતરવું , સમયબધ્ધ આયોજન અને તમામ સહાધ્યાયીઓ સાથેના સુમેળભર્યા સંબંધો જાળવવા ઉપરાંત શાળાની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈને શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કર્યું .

બસ શરૂ થયો C.A. નો અભ્યાસક્રમ . તે દરમ્યાન social media થી તદ્દન દૂર રહી માત્ર સાડા 21 વર્ષની વયે પ્રથમ પ્રયત્ને C.A ની ડિગ્રી હાંસલ કરી શ્રી એસ. કે. વી. વિધાલયની આ દીકરીએ પોતાના કુટુંબ, શાળા પરિવારનું ગૌરવ વધાર્યું . તેનું માનવું છે કે Luck is not your hands , but decisions is your hands . So Always trust yourself . આ થઈ શૈક્ષણિક સિધ્ધિની વાત.

તો વળી શાળાના બીજા કેટલાક વિધાર્થીઓ પ્રાથમિક કક્ષાથી માંડી ઉચ્ચતર માધ્યમિક સુધીના વિધાર્થીઓએ આ વર્ષે ઓગષ્ટ 2025 ના જિલ્લા કક્ષાની એથલેટીક્સ , યોગા સ્પર્ધામાં પોતાનું best performance આપી ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ' તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત'. અભ્યાસની સાથે સાથે સખત















પ્રેકટીસ , કોચ રવિભાઈ અને મયૂરભાઈના માર્ગદર્શન હેઠળ તેઓએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. 'સફળતા કોઈ જાદુ નથી , એ તો મહેનત અને ધીરજનું પરિણામ છે.' એક નવી શરૂઆત ક્યારેય પણ સરળ હોતી નથી. પણ તેમાં જ અડગ રહી ટકી રહે તે જરૂર મુકામ સુધી પહોંચી શકે.

જરૂર છે આત્મવિશ્વાસ, કઠોર પરિશ્રમ અને પોતાના ધ્યેય તરફ મક્કમ ગતિએ આગળ વધવાની નેમ, જરૂર સિધ્ધિ પ્રાપ્ત થાય છે. આપણી શાળા આપણું સ્વાભિમાન. આપણી શાળા આપણું ગૌરવ . આ બધું શાળાના વિધાર્થીઓ થકી શક્ય બને. કારણ વિધાર્થીઓ જ શાળાની , શિક્ષકોની શ્રેષ્ઠ મૂડી છે.



# શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય

## સક્ષમ શાળા



ડી.આર. દરજી
પ્રાથમિક શિક્ષક

શિક્ષણ મનુષ્ય જીવનના સર્વાંગી વિકાસનું મજબૂત આધારસ્તંભ છે. ગુજરાત રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવત્તા વધારવા માટે વિવિધ પહેલ કરવામાં આવી છે. તેમાંથી "સક્ષમ શાળા" પ્રોજેક્ટ એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ છે. આ પ્રોજેક્ટનો હેતુ એ છે કે દરેક બાળક પોતાની કક્ષાને અનુરૂપ કૌશલ્ય હાંસલ કરે અને શિક્ષણ પ્રત્યે રસ જાળવી શકે.

કચ્છ જિલ્લામાં આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ શાળાઓએ સુંદર કામગીરી કરી છે. તેમાં શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય, જીએમડીસી એ વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ શાળાએ રૂરલ માધ્યમિક અંગ્રેજી માધ્યમમાં દ્વિતીય ક્રમ તથા ગુજરાતી માધ્યમમાં તૃતીય ક્રમ મેળવી સમગ્ર જિલ્લામાં નામના મેળવી છે.

શાળાની સંક્ષિપ્ત માહિતી

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય, લખપત તાલુકાના વર્માનગર જીએમડીસી કોલોની માં આવેલ છે. આ શાળા વર્ષ 1984 માં શરૂ થઈ હતી અને 1984 થી તેને સત્તાવાર માન્યતા પ્રાપ્ત થઈ હતી. શરૂઆતમાં કોલોની તથા આજુબાજુના ગામોના આશરે 500 વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલી આ શાળા આજે હજારો વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહી છે.

શાળા અંગ્રેજી તથા ગુજરાતી – બન્ને માધ્યમમાં શિક્ષણ આપે છે. જીએમડીસીનો મજબૂત સહયોગ, શિક્ષકોનો સમર્પિત પ્રયત્ન, વાલીઓનો વિશ્વાસ અને વિદ્યાર્થીઓની કઠોર મહેનતના પરિણામે આ શાળા સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે.

સક્ષમ શાળા પ્રોજેક્ટમાં સફળતાના કારણો

1. સમર્પિત શિક્ષકમંડળ

શિક્ષકોની ટીમ માત્ર ભણાવવાનો değil, પરંતુ વિદ્યાર્થીમાં જીવનકૌશલ્ય, મૂલ્યો અને સ્વ-અનુશાસન વિકસાવવા પ્રયત્નશીલ રહે છે.શિક્ષકો નિયમિત તાલીમ, વર્કશોપ અને નવીન પદ્ધતિઓ દ્વારા પોતાના કૌશલ્યને અપગ્રેડ કરતા રહે છે.

2. વિદ્યાર્થીઓનો શ્રેષ્ઠ પ્રદર્શન

અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામો આપીને સમગ્ર જિલ્લામાં દ્વિતીય ક્રમ મેળવ્યો. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ પણ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા તૃતીય ક્રમ મેળવ્યો.

3. શૈક્ષણિક વાતાવરણ

વર્ગખંડોમાં સ્માર્ટ ટીવી, ડિજિટલ સાધનો તથા પ્રોજેક્ટ આધારિત અભ્યાસક્રમ દ્વારા શીખવાની પ્રક્રિયા જીવંત બનાવાઈ છે. લાયબ્રેરી, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ જેવા સાધનોનો સંપૂર્ણ ઉપયોગ થાય છે.

4. પ્રશાસન તથા જીએમડીસીનો સહયોગ

જીએમડીસી સંસ્થા દ્વારા ભૌતિક સુવિધાઓ, પરિસર વિકાસ તથા શૈક્ષણિક સાધનો પૂરા પાડવામાં સતત સહાય કરવામાં આવી છે. મેનેજમેન્ટનો દૃઢ સંકલ્પ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા આ સફળતાના મુખ્ય આધાર છે.

5. વાલીઓ અને સમાજનો સહયોગ

વાલીઓ બાળકોના અભ્યાસ પ્રત્યે સજાગ રહી શાળાની પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગી બને છે.સ્થાનિક સમાજ પણ શાળાની સિદ્ધિઓમાં ગર્વ અનુભવતો રહે છે.સફળતા પાછળની વિશેષ પહેલો

"રીમેડિયલ ટીચિંગ" – અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે વિશેષ કક્ષાઓ.

"અસેસમેન્ટ સિસ્ટમ" – નિયમિત પરીક્ષણો દ્વારા બાળકોના અભ્યાસનું મૂલ્યાંકન.

"શિક્ષણ સાથે સંસ્કાર" – પ્રાર્થના સભા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દ્વારા મૂલ્યોનું સંવર્ધન.

"કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ" – વાદવિવાદ, નિબંધ, ચિત્રકલા, વિજ્ઞાન પ્રદર્શનો દ્વારા પ્રતિભાનો વિકાસ.

"ડિજિટલ લર્નિંગ" – ઓનલાઈન ક્લાસ, ઈ-કોન્ટેન્ટ અને શિક્ષણ એપ્સનો ઉપયોગ.

જિલ્લાને ગૌરવ અપાવનાર સિદ્ધિ

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલયે મેળવેલ આ દ્વિતીય અને તૃતીય ક્રમ માત્ર શાળાનું નહીં પરંતુ સમગ્ર કચ્છ જિલ્લાના ગૌરવમાં વધારો કરે છે. આ સિદ્ધિ દર્શાવે છે કે દુરદરાજ વિસ્તારની શાળા પણ યોગ્ય માર્ગદર્શન અને સમર્પણથી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે.

અભિનંદન


આ સિદ્ધિ બદલ સમગ્ર શિક્ષકમંડળ, વિદ્યાર્થિ સમૂહ, વાલીઓ, જીએમડીસી મેનેજમેન્ટ તથા સહયોગી સ્ટાફને હૃદયથી અભિનંદન. શિક્ષણક્ષેત્રે તેમની આ મહેનત અને પ્રતિબદ્ધતા કચ્છ માટે પ્રેરણાસ્પદ છે.

"સક્ષમ શાળા" પ્રોજેક્ટનો મુખ્ય હેતુ એ છે કે કોઈ પણ વિદ્યાર્થી અભ્યાસમાં પાછળ ન રહે. શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલયે આ હેતુને સાકાર કરતી સુંદર સિદ્ધિ મેળવી છે. શાળાનું આગલું લક્ષ્ય માત્ર જિલ્લાસર નહીં, પરંતુ રાજ્યસ્તર પર શ્રેષ્ઠ સ્થાન મેળવવાનું છે.


આવી સફળતા સતત મળતી રહે તે માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વધુ ઉત્સાહ, મહેનત અને નિષ્ઠાથી આગળ વધવું જરૂરી છે.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીની ની ચિત્ર પ્રતિભા







સુહાની એ. રબારી
ધોરણ-૧૦

## આપણી શાળાને સક્ષમ શાળાનો અવોર્ડ























રાખડી સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીનીઓને
સન્માનીત કરવામા અવ્યા













## રાષ્ટ્રીય ખેલ દિવસ નિમિત્તે રેલી



## શિક્ષકદિનની ઉજવણી












































એસ.જી.એફ.આઇ.- જિલ્લા કક્ષાની દોડ અને ખો-ખો સ્પર્ધામાં આપણી શાળાના વિદ્યાર્થીઓને ગોલ્ડ,સિલ્વર અને બ્રોન્ઝ મેડલ સાથે સારો દેખાવ





રમત-ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને આગળ વધારવા વાલીઓ સાથે મિટિંગ





## જિલ્લા કક્ષાના કલા મહાકુંભની ચિત્ર સ્પર્ધામાં આપણી શાળાની વિદ્યાર્થીની વૈનવી મહેન્દ્રભાઈ સોનીએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.













## આરોગ્ય વિભાગ દવારા આર્યનની ગોળીઓનું વિતરણ



## સ્વાતંત્ર દિનની ઉજવણી







